## કલેઈમ કેસ નં.૧૧/૨૦૨૩ ના કામે આંક–૬ તળે હુકમ

આ કામે રેકર્ડ જોતા અકસ્માતનો બનાવ તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજ બનેલ. અરજદાર દ્રારા રજુ રાખવામાં આવેલ હાલની અરજી ધી મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૪૦ અંતર્ગત કરવામાં આવેલ અરજી છે.ધી મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ ના ચેપ્ટર–૧૦ માંની કલમ–૧૪૦ થી ૧૪૪ ધી મોટર વ્હીકલ્સ (એમેન્ડમેન્ટ) એકટ, ૨૦૧૯ (૩૨ ઓફ ૨૦૧૯), તા.૯/૮/૨૦૧૯ દ્રારા, તા.૧/૪/૨૦૨૨ ની અસર થી અમલમાં આવે તે રીતે રદ કરવામાં આવેલ છે. હાલનો અકસ્માતનો બનાવ તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજનો છે. આમ, ધી મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ માં ઉપરોકત વીગતેનો સુધારો અમલમાં આવ્યો ત્યારબાદનો હાલનો અકસ્માતનો બનાવ બને છે. આ સંજોગોમાં અકસ્માતનો બનાવ બન્યો ત્યારે ધી મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ ની કલમ–૧૪૦ થી ૧૪૪ અમલમાં જ નથી તેવી કલમ હેઠળ અરજદાર દ્રારા વચગાળાના વળતરની માંગણી કરવામાં આવેલ છે. જે માંગણી કાયદા મુજબ કાયદેસર મંજુર થવા પાત્ર માંગણી બનતી નથી. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

### ::હુકમ::

૧. અરજદારની હાલની વચગાળાનુ વળતર મેળવવા માટેની અરજી ખર્ચ સહ રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭/૦૧/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
એમ.એ.સી.ટી.(મેઈન)
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)